ગાંધીનગર સમાચાર



# નમસ્કાર ગાંધીનગર

રમેશ ઠક્કર

## પમરાટ

મને વીંધતો ચોમાસનો મિજાજ જળબંબોળ;
મુશળધાર પડે સાટકા; રુદિયે ભીના સોળ.

વીજ-દોરથી આભ-ધરા બંધાયા મુશ્કેટાટ;
મેઘ-ઝરૂખે જળકુંવરીએ માંડી છે ચોપાટ.

કરી સોગઠી ગાંડી, કીધો નભનો નરદમ તોડ;
મને વીંધતો ચોમાસાનો મિજાજ જળબંબોળ.

કુંવરીએ ભીના કાગળના ઠલવ્યા ટપાલથેલા;
મઘમઘ કવિતાના રુદિયેથી ફૂટતા દડદડ રેલા.

જળ-સ્થળની હોંસાતોંસીમાં પળપળ ડામાડોળ;
મને વીંધતો ચોમાસાનો મિજાજ જળબંબોળ.

ભગવતીકુમાર શર્મા

## પાથેય

# વરસાદી ચિત્ર...

વરસાદને અને વિષાદને ગાઢ સંબંધ છે.ધીમી ધારે પડતો વરસાદ માણસને અંદરથી ઉદાસ કરી જાય છે તો ધોધમાર હેલી ઘણીવાર વિહવળ કરી મૂકતી હોય છે.ચોમાસાનો સ્વભાવ જ છે કે એ ચોતરફ ભીનાશ બનીને પથરાઈ જાય.ગડગડાટ અને કડાકા ભડાકા સાથે ગરજતો મેઘ બહારથી સાટકા મારતો હોય એવું દેખાય.એ જ એની ધમાલ ભીતર જઈને દિલમાં કોઈક દર્દના સોળ ઉપસાવી જાય છે.વિરહનું કાવ્ય હોય કે વાર્તા એમાં વરસાદની મેઘલી રાત કે આષાઢી માહોલ ના આવે તો જ નવાઈ!

ચોમાસું આજકાલ અવનવા મૂડમાં છે.આકાશ ગોરંભાયું હશે.હવાની રૂખ પણ બદલાઈ હશે.વાદળોની ચહલપહલથી ધરતી ઉપર સ્ફૂર્તિ છવાઈ જશે.પ્રચંડ ગરમીનું આવરણ ભેદી અડીખમ ઉભેલાં વૃક્ષો વિરોચિત મલકાટ કરતાં હોય એવું લાગી રહયું છે.મોરનો ટહુકાર તો ભિંજાયેલી ભોંય તલાશતો હશે પણ પંખીઓનો કલશોર મધુર બનતો જાય છે.નૈઋત્યના પવનો ક્ષિતીજોને સોહામણી બનાવી રહયા છે..રાજાધિરાજ મેહુલાના આ આગોતરા અણસાર છે..

મનગમતો મેહ છે તો જીવન કંસાર છે..અષાઢ તો અજાયબ જ હોય.જેઠ મહિનાની ઝરમરનો આશાવાદ પણ કમ ના હતો ! માણસની આશા એક ગજબનો મનોભાવ છે..અમારા બાળપણે બનાશના ભીના સીમાડે કામલપુર ગામના વાદળછાયા આકાશમાં જયારે ભિનાશ પ્રગટતી ત્યારે સિમાડામાં સુગંધ પ્રસરી જતી.અમારા ઘરની પાછળ ગગુફઈનું ફળિયું હતું.જયાં માલધારી વાસની તાજગી હતી..એ મારા પિતાને ભાઈ માનતાં..અને સગી બહેન કરતાં પણ અધિક વ્હાલ કરતાં..એ હંમેશાં મારા પિતાને આશીર્વાદ આપતાં..એમના સંઘર્ષની સરાહના કરતાં..મારા પિતાનો કોઈ વાંક એમને દેખાતો નહી..આવા માનવસંબંધો એ ધરતીની ફોરમ છે.ગગુફોઈની આંખોમાં જોયેલો આશાવાદ મને વરસાદની રાહ જોતા માણસની શ્રધ્ધા જેટલો બુલંદ લાગતો...'સહુ સારાં વાનાં થશે' એવું એ કહે ત્યારે હતાશા આસપાસ ફરકતી નહિ..માનવસંબંધોના આવા આલેખો એ જ આ તો આપણે ભેગી કરેલી મૂડી સમાન હોય છે.

ધાર્યા મુજબ જ રીમઝીમ સાવન પણ આવશે..ધરતી નવપલ્લવિત બની થશે...મોરનો મલકાટ અને અગાશીએથી લથબથ વાછટ પણ આવશે.. દેશી નળિયાના નેજવેથી સ્નેહ નિતરતી એ નિસ્વાર્થ લાગણીઓ જેવી જ વરસાદી હેલી મન મુકીને વરસતી હશે આપણી શ્રધ્ધાને મ્હોર મારવા માટે..ચોમાસાનો આ મિજાજ આપણને સૌને વીંધતો રહે છે.નવા જીવનની રાહ ચિંધતો રહે છે.કોઈ કવિ આ થકી વિહવળ થઈને સર્જન કરતો રહે છે.આપણા જેવા માણસો ભલે કશું ટપકાવી શકતા નથી પરંતુ આપણી ભીતર ચોમાસું સદૈવ જીવંત બનીને ટપકતું રહે છે!

# યુવા સિક્યોરિટી ગાર્ડ મનોજભાઈ દીક્ષિત : આંખોમાં ચમક, ચમકમાં સપનાં અને ઉજ્જવળ ભવિષ્ય ઝળહળ ઝળહળ

પહેલું કિરણ

રમેશ તન્ના

૨૮ વર્ષના મનોજભાઈ દીક્ષિત અમદાવાદ શહેરમાં સિક્યોરિટી




ગાર્ડ તરીકે ફરજનિષ્ઠ છે. તેમનું કામ બધાને ગમે છે. તેમનામાં પ્રતિભાનો કોઈ પાર નથી અને કાર્યનિષ્ઠા તો છલોછલ છે.

અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતમાં સિક્યોરિટી ગાર્ડ તરીકે ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, મધ્ય પ્રદેશ સહિત વિવિધ રાજ્યોના યુવાનો-આધેડ-પ્રૌઢ અને ક્યાંક ક્યાંક તો જૈફ વયના લોકો પણ કામ કરતા જોવા મળે છે.

એ રીતે જોવા જઈએ તો ગુજરાતીઓનાં કોમ્પ્લેક્સો-રહેણાક એકમો અને સંપત્તિનું રક્ષણ બહારના રાજ્યના આ લોકો કરે છે.

મનોજભાઈ એક પ્રતિબદ્ધ અને પ્રતિભાશાળી સિક્યોરિટી ગાર્ડ છે. તેમનો હસમુખો સ્વભાવ છે. કાયમ હસતા જ હોય. કોઈ કામ કરવાની ક્યારેય ના પાડતા નથી. વળી, હૈયાઉકલત એવી સરસ છે કે કોઈ પણ કામ કરી શકે છે. પોતે જે કોમ્પ્લેક્સમાં ફરજ બજાવે છે એ કોમ્પ્લેક્સમાં નાનાં-મોટાં કોઈ પણ કામ હોય તો બધા મનોજભાઈને બૂમ પાડે અને મનોજભાઈ ક્યારે કોઈને નિરાશ ન કરે. તેમને વાહન પણ ચલાવતાં આવડે અને ઇલેક્ટ્રિક મોટર ચલાવતાં પણ ફાવે. દરેક કામ તરત - સરસ રીતે શીખી લે છે. તેઓ એવું માને છે કે દુનિયાનું કોઈ કામ એવું હોતું નથી જે શીખવાથી ન આવડે.

મનોજભાઈના જીવનમાં એક ડોકિયું કરીએ.

તેમનાં માતાનું નામ શ્રીમતી વિદ્યાવતી. કેવું સરસ નામ છે! તેમના પિતાનું નામ શ્રીમાન દિનેશચંદ્ર દીક્ષિત. એક સરસ વાત કરું. મેં જ્યારે તેમનાં માતા અને પિતાનું નામ પૂછ્યું ત્યારે તેમણે એકલું નામ ન કહ્યું, પરંતુ આગળ 'શ્રી' લગાવીને જ નામ બોલ્યા. મેં પૂછ્યું કે આપની માતાનું નામ શું છે તો તરત જવાબ આપ્યો શ્રી વિદ્યાવતી. પિતાનું નામ પૂછ્યું તો જવાબ મળ્યો: શ્રી દિનેશચંદ્ર દીક્ષિત. તેમના હૃદયમાં પોતાનાં માતા-પિતા માટે ભારોભાર આદર અને પ્રેમ છે. તેમનું મૂળ વતન છે રામનગર-સલોની. ઉત્તર પ્રદેશના પાટનગર લખનૌથી ૧૫૦ કિલોમીટરના અંતરે તે આવેલું છે. અમદાવાદથી જઈએ તો લખનૌ પહેલાં જ તે આવી જાય. તેમના ગામનો તાલુકો છે ભરખની અને જિલ્લો છે હરદોઈ.

તેઓ બાર ધોરણ સુધી ભણ્યા છે. તેમની સજ્જતા જોતાં ચોક્કસ એવું લાગે કે તેઓ તો આગળ ભણી શકે તેમ હતા. વાત પણ સાચી છે. તેમને આગળ ભણવું હતું. ઘરની આર્થિક પરિસ્થિતિ નબળી હતી તેથી તેમણે ભણવાનું છોડી દીધું. તેમને ત્રણ ભાઈઓ અને બે બહેનો છે. ૧૫-૨૦ વીઘાં જમીન છે. પિતા ખેતી કરે છે અને ભાઈઓ મદદ કરે છે.

મનોજભાઈ પાંચ વર્ષથી ગુજરાતમાં રહે છે. તેઓ કહે છે કે ગુજરાતમાં રહેવાની ખૂબ મજા આવે છે. એક મિત્રના કહેવાથી તેઓ ગુજરાતમાં આવ્યા હતા. ગુજરાતીઓ તેમને ખૂબ સારા લાગે છે. પ્રેમાળ, મળતાવડા, અને કોઈ પણ સ્થિતિમાં મદદ કરનારા. ગુજરાત પ્રદેશની તેમને જો કોઈ વિશેષ વાત ગમતી હોય તો તે છે શાંતિની. ગુજરાતીઓ શાંતિપ્રિય છે. અમે ભલા અને અમારું કામ ભલું. જીવો અને જીવવા દો. ખાઓ-પીઓ અને જલસા કરો. મનોજભાઈ કહે છે કે મુઝે ગુજરાત મેં બહોત અચ્છા લગતા હૈ. તેમનાં લગ્નને ચાર વર્ષ થયાં છે. પોતાનાં ધર્મપત્નીને તેઓ એક વાર અમદાવાદમાં લઈ આવ્યા હતા. અહીં પાંચ મહિના રહ્યાં હતાં અને પછી પરત ફર્યાં. ફરીથી તેઓ લાવવાના છે.

હવે થોડીક વાત કરીએ આર્થિક ઉપાર્જનની. તેમની કમાણીની. તેમને દર મહિને એક પાળીના દસ હજાર રૂપિયા પગાર મળે છે. બે પાળીમાં નોકરી કરે એટલે વીસ હજાર રૂપિયા થાય. એટલે દિવસ અને રાત એમ નોકરી કરવાની થાય. જુદાં-જુદાં રાજ્યોમાંથી સિક્યોરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા આ તમામ સિક્યોરિટી ગાર્ડને મહિને આ રીતે બે પાળીના વીસથી ત્રીસ હજાર હજાર રૂપિયા મળતા હોય. તેમાંથી તેઓ પૈસા બચાવે અને ગામડે-ઘરે મોકલે. હજારો સિક્યોરિટી ગાર્ડ આ રીતે પોતાના ઘરે પૈસા મોકલે છે.

જમવાનું શું કરે?

જે લોકો પરિવાર સાથે રહેતા હોય તે ઘરેથી ટિફિન લાવે.

કેટલાક પરિવાર વિના રહેતા હોય તે જાતે રસોઈ બનાવે.

કેટલાક ટિફિન બંધાવે.

અમદાવાદમાં ૩૦૦૦ રૂપિયામાં બપોર અને સાંજ બંને સમયનું ટિફિન મળે છે. એટલે એક ટંકના ? ૫૦ થયા. એમાં દાળ-ભાત, શાક, રોટલી વગેરે મળે. સાંજે ક્યારેક ખીચડી-કઢી હોય. પેટ ભરાઈ જાય. ગુણવત્તા ઠીક-ઠાક.

અમે પૂછીએ છીએ કે મનોજભાઈ, તમે તો આટલા બધા હોશિયાર અને નિષ્ઠાવાન છો. તમે દરેક કામને ખૂબ સારી રીતે કરી શકો છો, તો શા માટે તમે તમારો પોતાનો ધંધો-વ્યવસાય કરવાનું વિચારતા નથી?

આ પ્રશ્નનો ઉત્તર આપતાં તેઓ કહે છે કે હું પોતાનું કંઈક કરીશ જ.

મને તેમનો જવાબ સાંભળીને ખૂબ સારું લાગ્યું.

જે વ્યક્તિની ક્ષમતા જબરજસ્ત હોય તેણે કંઈક કરવું જ જોઈએ,

મનોજભાઈની આંખોમાં ચમક છે. મનોજભાઈની આંખોમાં સપનાં પણ છે. જે આંખોમાં ચમક અને સપનાં બંને એકસાથે હોય એ વ્યક્તિનું ભવિષ્ય ઉજ્જવળ જ હોય.

સંપર્ક : 95193 21388

# "ડૂબકી દરિયે દીધા વગર મોતી આવે નહીં જળ ઉપર; આખું ભીતર વલોવાય તો અશ્રુ આવે છે પાંપણ સુધી"

WhatsApp ઓફ ધી વીક

નેહલ ગઢવી

મનુષ્યના જન્મથી લઈને તેના મૃત્યુ સુધીની તેની જીવનયાત્રાના પ્રવાહમાં તે કેટલાય સંબંધોમાં બંધાય છે. કેટલીય વ્યક્તિઓના સંપર્કમાં આવે છે! મિત્રવર્તુળ, સગાસંબંધીઓ, કુટુંબ, ઓફિસના સહકર્મચારીઓ, ગાર્ડનમાં વૉક કરતી વખતે બનેલું ખાસ મિત્રમંડળ એવા કેટલાય સંબંધોના તાંતણે તેનું જીવન ગુંથાય છે! કોઈની જોડે અત્યંત નજીકનો સંબંધ તો કોઈની જોડે માત્ર ઔપચારિક સંબંધ, કોઈના માટે જીવ આપી દેવા તત્પર હોઈએ એ પ્રકારનો સંબંધ તો કોઈને જોઈને માત્ર હોઠ પર એક સ્મિત આવે એટલી જ ઓળખ! કોઈના ખોળામાં માથું રાખીને મનભરીને રડી શકાય એવો હૂંફાળો સંબંધ તો કોઈની સામે આંસુને પણ પી જવા પડે તેવો સંબંધ! અને આ તો વ્યક્તિઓના એકબીજા સાથેના

સંબંધોની વાત થઈ આ ઉપરાંત વ્યક્તિનો ઈશ્વર સાથેનો સંબંધ : તેની દિવ્યતા કે અલૌકિક આત્મીયતાનો અહેસાસ કંઈક

નિરાળો જ હોય! અને આ ઉપરાંત આપણો આપણા ઘર સાથેનો સંબંધ, બગીચાના કોઈ ખાસ; ગમતા ફૂલના છોડ સાથોનો સંબંધ, તુલસીક્યારા સાથેનો સંબંધ, ઘરની બાલ્કનીમાંથી રોજ રાત્રે વિચારોના વમળોમાં ખોવાયેલા આપણે જે આકાશને નિહાળીએ છીએ તે આકાશના એક ટુકડા સાથેનો આપણો સંબંધ! આવા કેટકેટલા સંબંધોના તાંતણે આપણે આ સુંદર જીવનને સજાવ્યું છે! કારણ કે માણસ એ સંવેદનાઓથી ભરપૂર છે. કવિશ્રી હસિત બૂચ લખે છે તેમ,

"લોકનું તો ભઈ, એવું!
એક ઘડી એ કબૂતરાં
ને ઘડી અન્ય એ સાવજ;
મીણ સમાણાં પોચાં આ પળ,
પળ બીજી એ વજ્જર;
ચિપાઈ જાતાં અંગૂઠે,
ને ઊંચકે દુનિયા અદ્ધર!"

પણ સંબંધોની આ માયાજાળમાં અમુક સંબંધ પારસમણિ સમાન હોય છે. કહે છે કે પારસમણિ જેને અડકે તે વસ્તુ સોનાની થઈ જાય. જો કે ખરો પારસમણિ આપણા અંતરમાં રહેલો છે. આપણી પોતાની અંદર જ એવી કોઈક વસ્તુ રહેલી છે કે જેના સંબંધમાં આપણે આવીએ, તો આપણી જિંદગી બદલાઈ જાય; આપણે પોતે જેવા હોઈએ તે મટી જઈને જુદા જ બની જઈએ. જો કે, આ માટેનો સમય દરેકના જીવનમાં પરિપક્વતા અને સમજણની ચરમસીમાએ પહોંચે ત્યારે જ આવે છે! ત્યાં સુધી વ્યક્તિ અંધારામાં ફાંફા મારવા જેવું નિરર્થક જીવન જ જીવ્યા કરે છે. પોતાની અંદર રહેલો આ પારસમણિ જયારે ઘણાને હાથ ન જ લાગે ત્યારે એમાંના કેટલાક કોઈ ગુરુમાં કે મહાપુરુષમાં તેને પામે છે, તેવા દિવ્ય અને અલૌકિક પારસથી તેમનું જીવન બદલાઈ જાય છે. આ બધામાં ભગવાન એટલે કે ઈશ્વર એ એક એવા પારસમણિ છે કે, જો કોઈ એને અડકે - કે તેને અડકવાનો શુભ વિચાર કરે - તો એવા માણસમાં ફેરફારો થવા લાગે છે અને આખરે માણસ પોતે એ અસલ પારસમણિ જેવો જ બની જાય છે! જો કે, આ અવસ્થાને પામવા મનુષ્ય ઘણા પ્રયત્નો કરવા પડે છે. આપણે સૌ જાણીએ જ છીએ કે સાવ મામૂલી ગણાતો કોલસો જયારે જમીનમાં ખૂબ ઊંડે દટાઈ જાય અને તેના ઉપર પાવાગઢ પર્વત જેટલું વજન પડે તો એ જ કોલસો હીરો બની જાય! ફ્રાંસના એક રસાયણશાસ્ત્રી લાવોઝીરે કોલસાની ભૂકી લઈને ખૂબ ગરમ ધાતુમાં નાખીને પછી એકદમ તેના ઉપર યંત્રો વડે ભારે દબાણ કર્યું જેના પરિણામે હીરાની નાની નાની કણીઓ બંધાઈ ગઈ! જે પ્રમાણે કોલસામાં આવો ફેરફાર થઈ શકે છે, તેમ જીવતાં પ્રાણીમાં પણ કેટલીકવાર એવો ફેરફાર થતો જોવા મળે છે. જમીન પર પેટ ઘસીને ચાલતી ઈયળની એક જાત એવી થાય છે કે એની આજુબાજુ માટીનું પડ કરીને અંદર તેને પૂરી રાખવામાં આવે છે. એ કેદખાનાની અંદર ને અંદર એનો વિકાસ થાય છે, અને ધીમે ધીમે એને પાંખો ફૂટે છે. ત્યાર પછી માટીના પડને તોડીને તે બહાર નીકળી પડી જાય છે; એ પતંગિયું બની જાય છે! જમીન પર પેટ ઘસડતી ઈયળ, અને હવામાં છૂટથી ઊડતું પતંગિયું : એ બેમાં કેટલો ફેર છે! પણ ઈયળમાંથી પતંગિયું બની જાય છે.

કોલસાનું ઉદાહરણ લઈએ કે ઈયળનું મૂળભૂત બાબત એ છે કે તેના પર ભારે દબાણ આવે ત્યારે તેનું સ્વરુપ કંઈક અદ્ભૂત રીતે વિકસે છે. ધોરણ-૧૦ અને ૧૨ના પરિણામો જોઈએ ત્યારે આપણે ઘણીવાર એવા કિસ્સાઓ જોયા, સાંભળ્યા અને વાંચ્યા છે કે અનેક તકલીફો, મુશ્કેલીઓ અને સંઘર્ષો વચ્ચે વિદ્યાર્થીઓ અસાધારણ સિદ્ધિઓ હાંસલ કરે છે, એટલે કે અનેક અગવડોને પાર કરીને તેમનામાં રહેલું પારસ ઝળકી ઊઠે છે, ખીલી ઊઠે છે. આ પ્રકારની અવસ્થા જો કે શાળાજીવન દરમિયાન જ પ્રાપ્ત થાય એવું જરુરી નથી. ઉંમરના કોઈ પણ તબક્કે આપણે સતત પ્રયત્નશીલ રહીએ તો પારસમણિ સમાન એકાદ સંબંધ તો આપણને મળી જ આવે છે. જેના સ્પર્શમાત્રથી આપણું સમગ્ર અસ્તિત્વ, વ્યક્તિત્વ સોળે કળાએ ખીલી ઊઠે છે. જો કે, આ શ્રેષ્ઠ તબક્કા સુધી પહોંચવામાં કેટલાય આંસુ અને કેટલીય તકલીફોનો સામનો કરવો પડે છે. કવિ ભગવતીકુમાર શર્મા લખે છે તેમ,

"ડૂબકી દરિયે દીધા વગર
મોતી આવે નહીં જળ ઉપર;
આખું ભીતર વલોવાય
તો અશ્રુ આવે છે પાંપણ સુધી"

માનવજીવનમાં અમુક સંબંધ લીમડા સમાન કડવા છતાં ગુણકારી હોય છે જે વ્યક્તિને માર્ગથી ભ્રમિત કે ચલિક થતાં અટકાવે છે. આજનો સમાજ વધુ દંભી બન્યો છે અને એકબીજાને સાચી સલાહ કે યોગ્ય રાહ ચીંધવાનો સમય હવે રહ્યો નથી. એકબીજાના મિત્રો હોવાનો દંભ કરતા વ્યક્તિઓ પણ સાચી સલાહ આપતાં અચકાય છે. 'ઉર્ર ઝહ્રી'જ' જેવો ટ્રૈંન્ડ્રી સર્વવ્યાપી બન્યો છે. વ્યક્તિએ જાતે જ સારા-નરસાનું ધ્યાન રાખવું આવશ્યક બન્યું છે જો કે, કારણ આપણામાં રહેલી ધીરજ અને સહનશક્તિ ઘટી હોવાનું તેમજ કોઈનું સાંભળવાની વૃત્તિ ક્ષીણ થઈ રહી હોવાનું જ છે! બધાને પોતાની જ રજૂઆત કરવી છે, અન્યને સાંભળવાની કે સમજવાની પરવા કોઈ કરતું નથી. 'ન બોલ્યામાં નવ ગુણ' જેવી કહેવતને ભૂલાવીને હવે 'બોલે એના બોર વેચાય' એ કહેવતનો વ્યાપ અને વિસ્તાર વધ્યો છે! કવિશ્રી કરસનદાસ માણેક લખે છે તેમ,

"જયાં દૃષ્ટિ પડે ત્યાં દારૂણ દવ, ને કાન પડે ત્યાં કોલાહલ : અફસોસ, તમારી ધાંધલમાં એક સપનું મુજ ખોવાઈ ગયું !... અમૃત તો હાથે ન્હોતું ચઢ્યું, પણ નીર હતું નિર્મળ થોડું :
દુર્ભાગ્ય જુઓ, રે તેય હલાહલ સંગાથે ધોળાઈ ગયુ !.......'

આપણી સંસ્કૃતિનો સંપૂર્ણ સાર મૈત્રી, મુદિતા, કરૂણા અને ઉપેક્ષા એવા ચાર આર્ય સદ્ગુણોમાં આવી જાય છે તેમ તત્ત્વચિંતક શ્રી કાકા કાલેલકર લખે છે. આજના આ ટેકનોલોજીના યુગમાં સૌથી વધુ અગત્યની બાબત તો એ છે કે સૌની સાથે મૈત્રીપૂર્ણ વ્યવહાર એટલે કે સદ્ભાવ હોવો; અન્યની સુસ્થિતિ જોઈ આનંદિત રહેવું એ મુદિતા; દુઃખી હોય તેના પ્રત્યે કરૂણા અને દુષ્ટો પ્રત્યે ઉપેક્ષા : અને દુષ્ટો વિશેની ઉપેક્ષામાં પણ હવે આપણે ફેરફાર કરવો પડશે! દુષ્ટો અને દુષ્ટ વિચારોનો નાશ થાય તે માટે સતત પ્રયત્નશીલ બનવું પડશે! અને આ માટે પ્રેમ અને કરૂણા જેવા સદ્ગુણોને વિકસાવવા પડશે! તોજ આ સૃષ્ટિરુપી સુંદર બાગમાં વિવિધ પ્રકારના સુગંધિત તેમજ વૈવિધ્યપૂર્ણ સુંદર પુષ્પો મહેંકી ઊઠશે!

- nehalgadhavi101@gmail.com

# અકસ્માતનાં કેસમાં ડિટેઈલ એફ.આઈ.આર. નોંધવી ફરજીયાત

કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

રાજયમાં અકસ્માતોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે અને અનેક નિર્દોષ લોકોનાં જીવ અન્યની બેદરકારી ના કારણે જાય છે. તેવા સમયમાં ટેકનીકલ કારણોસર ઈન્વેસ્ટીગેશનની ઉણપ અને ડીટેઈલ એફ.આઈ.આર. ના નોંધવાની ભૂલોનાં કારણે પુરાવાનાં અભાવમાં નીચલી કોર્ટમાં આરોપી છૂટી જાય છે. અકસ્માત સમયે એફ.આઈ.આર. પ્રક્રીયામાં કેટલીક ટેકનીકલ ખામીઓ રહી જવા પામે છે. તેમજ જેમણે અકસ્માત જોયો પણ ના હોય તેવા વ્યક્તિને સાક્ષી, પંચોમાં નામ અકસ્માત થયા બાદ કેટલાક દિવસો બાદ અગર તો ચાર્જશીટ મૂકતા પહેલા પોલીસ દ્વારા લેવામાં આવે છે. જે મોટાભાગે હોસ્ટાઈલ સાક્ષી કોર્ટમાં પૂરવાર થાય છે. હંમેશા એફ.આઈ.આર.માં પૂરઝડપે વાહન ચલાવી ગફલત ભરી રીતે વાહન હંકારતો, આ શબ્દનો જ પ્રયોગ કરવામાં આવે છે, પરંતુ સ્પીડ નોંધવામાં આવતી નથી. કોની ખામી ના કારણે અકસ્માત થયો તે નોંધવામાં આવતું નથી. તંત્રની કોઈ બેદરકારી હતી કે કેમ? તે પણ એફ.આઈ.આર.માં નોંધવામાં આવતું નથી. પોર્ટલમાં ભરવાની વિગતો પણ અધૂરી જ હોય છે.

જેમ જેમ વાહનોની સંખ્યા વધતી જાય છે તેમ તેમ અકસ્માતની સંખ્યા પણ વધતી જ જાય છે. આઈ.આર.એ.ડી. પોર્ટલ ઉપર પણ અધૂરી જ વિગતો મૂકવામાં આવે છે. અકસ્માત કેવી રીતે થયો ? લાઈટ હતી કે નહી ? ચાલકની બેદરકારી હતી કે નહી ?હવામાનનાં કારણે અકસ્માત થયો કે કેમ ? ઓવર સ્પીડથી અકસ્માત થયો છે કે કેમ ? ડ્રાયવર નશામાં હતો કે કેમ ? આ તમામ ઈન્વેસ્ટીગેશનની વિગતો ભરી તપાસ કરવામાં આવશે. અકસ્માતનાં કારણો એફ.આઈ.આર.માં લખવા પડશે. તંત્રની ભૂલનાં કારણે તંત્રની સામે પગલા ભરાવા પણ જરૂરી છે.

ભારતીય ફોજદારી ધારો, ૧૮૬૦ની કલમ-૨૭૯, ૩૩૭, ૩૩૮ તેમજ ૩૦૪(એ) મુજબ એકસીડન્ટ કરનાર આરોપી સામે તહોમત ઘડી કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કરવામાં આવે છે અને પુરાવાનાં આધારે આરોપીને સજા કરવામાં આવે છે. આઈ.પી.સી.ની કલમ-૮૦ મુજબ પોતાનાં કાર્યમાં ગફલત કરવાથી થતાં અકસ્માત સામે આરોપી સામે ઉપર પગલા ભરવામાં આવે છે.

ભારતીય દંડ સંહિતામાં બ્રિટીશ કાળથી વિભિન્ન પ્રકારનાં કાનૂની પ્રાવધાન રાખવામાં આવેલા છે. તે મુજબ આઈ.પી.સી.ની કલમ-૮૦ મુજબ આરોપીનો અપરાધીક આશય તેની કાર્યે પ્રત્યેની અજ્ઞાનતા તેમજ તેની સાવચેતી ના હોવાથી દુર્ઘટના ઘટે ત્યારે આઈ.પી.સી. ની કલમ-૮૦ મુજબ પગલા ભરવામાં આવે છે. તથા આ કલમ મુજબ સજા તથા દંડ પણ કરવામાં આવે છે. પહેલા જમ્મુ કાશ્મીરમાં આ કલમ લગાડવામાં આવતી નહતી, પરંતુ રણબીર દંડ સંહિતા(આર.પી.સી) મુજબ પગલા ભરવામાં આવતા હતા, પરંતુ કલમ-૩૭૦ હટાવ્યા બાદ આ કલમ મુજબ પગલા ભરવામાં આવે છે.

મોટર વ્હીકલ એકટ, ૧૯૮૮ની કલમ-૮૦ તેમજ ૮૧, ૮૪ તથા ૧૭૭ ની જોગવાઈઓ પણ મોટર એકસીડન્ટમાં લાગૂ પડે છે. તેમજ હીટ એન્ડ રન કેસમાં કલમ-૧૬૧ મુજબ આરોપી સામે પગલા ભરવામાં આવે છે. તેમજ એકસીડન્ટમાં મૃત્યુ તેમજ આપઘાત અંગે ૧૯૯૬નાં સુધારેલા કાયદા પ્રમાણે પગલા ભરવામાં આવે છે. આપઘાતનાં કેસો જેવા કે સરકારી વાહન નીચે કુદીને જીવનનો અંત આણવો જેવી બાબતોનો સમાવેશ કરવામાં આવે છે, જેમાં આઈ.પી.સી.ની કલમ-૩૦૫ થી ૩૦૯ મુજબનાં ભોગ બનનાર સામે પગલા લેવામાં આવે છે. ભારતમાં આપઘાત કરવો એ ગુનો ગણવામાં આવે છે. જેમાં એકસીડન્ટ, મૃત્યુ અને આપઘાતનો કાયદો, ૧૯૯૬ પ્રમાણે પગલા ભરવામાં આવે છે.

ભારતમાં રોડ ઉપર ફરતા પશુધનને નુકશાન પહોંચાડવા માટે એમ.વી. એકટ ની કલમ-૨૭૯ તથા આઈ.પી.સી.ની કલમ-૧૩૪, ૧૮૭ મુજબ પગલા ભરવામાં આવે છે. પશુધનને બચાવવું એ દરેક વ્યક્તીની નૈતિક જવાબદારીમાં આવે છે. પૂર ઝડપે બેફામ ગતીથી રોડ ક્રોસ કરતા પશુધનને કોઈપણ વ્યક્તિ કચડી શકે નહી કે બેદરકારીમાં આવા પશુઓને મૃત્યુ તરફ ધકેલી શકે નહી, જેમાં પણ ગુનો સાબિત થતાં આરોપીને દંડ તથા સજાની જોગવાઈ તેમજ પશુ માલિકોને વળતર આપવાની પણ જોગવાઈ કાયદામાં કરવામાં આવી છે.

આઈ.પી.સી.ની કલમ-૩૦૪ મુજબ કોઈપણ વ્યક્તિને પોતાનું વાહન આપ્યુ હોય અને તેનાં દ્વારા અકસ્માત સર્જો સામેવાળી વ્યક્તિનું બેદરકારીથી મૃત્યુ નિપજાવ્યું હોય તો આરોપીની સાથે સાથે વાહનનાં માલિક પણ જવાબદાર બને છે. આઈ.પી.સી. કલમ-૮૦ મુજબ ઓનલાઈન પણ અકસ્માતની ફરીયાદ કોઈપણ વ્યક્તિ નોંધાવી શકે છે. અકસ્માત કરી ગુનેગાર વાહન લઈને ભાગી જાય તેવા સંજોગોમાં વાહનનું એફ.એસ.એલ. કરવામાં આવે છે અને નક્કી કરવામાં આવે છે કે સદર વાહનથી અકસ્માત સર્જાયો છે કે કેમ, તેમજ બનાવનાં સ્થળે વાહનનો માલિક કે અન્ય કોઈએ આવા પ્રકારનાં વાહનથી અકસ્માત સર્જી રાહદારીને મૃત્યુ તરફ ધકેલ્યો છે. તે સાબિત કરવું જરૂરી છે. ડિટેઈલ એફ.આઈ.આર.થી ટેકનીકલ બાબતોનાં પુરાવાનાં અભાવે આરોપી છૂટી શકશે નહી.

મો. ૯૮૨૫૪૫૦૧૯૧,
www.trivediassociates.in